પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૪૫ | ૪ ઓગસ્ટ, ૨૦૧૭, શુક્રવાર ; શ્રાવણ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ન્યુઝ ટ્રેક

શરદ યાદવ નવો પક્ષ બનાવશે

જેડીયુના વરિષ્ઠ નેતા શરદ યાદવ નવો પક્ષ બનાવશે એવી સંભાવના વધતી જાય છે. ગુરૂવારે પણ બિહારના અનેક રાજનેતાઓ સાથે તેઓએ બંધ બારણે બેઠક કરી હતી.

ગુડગાંવથી ૫ કરોડની જુની નોટ પકડાઈ

ગુડગાંવમાંથી રદ કરાયેલી ૫૦૦-૧૦૦૦ની પાંચ કરોડની નોટો સેક્ટર-૧૫ના એક મકાનમાંથી પકડાઈ છે. પોલીસે આ મામલે ત્રણ લોકોની ધરપકડ કરી હતી.

સરકારે ૧૧.૫ લાખ પાનકાર્ડ રદ કર્યા

કેન્દ્રિય નાણાંમંત્રી સંતોષકુમારે માહિતી આપી હતી કે દેશના ૧૧.૫ લાખ પાનકાર્ડ રદ કરાયા છે. કેટલાક રદ કરાયા છે, કેટલાક નિષ્ક્રિય કરાયા છે. ૨૭જુલાઈ સુધી ૧૧,૪૪,૨૧૧ પાનકાર્ડ રદ કરાયા છે.

શોપિયામાં આતંકવાદી હુમલામાં ત્રણ શહીદ

સેનાના કાફલા પર હુમલો : મેજર સહિત બે શહીદ : ત્રણ ત્રાસવાદીઓ ગોળીબાર કરીને ફરાર : કુલગામમાં અન્ય એક અથડામણમાં બે ત્રાસવાદીઓ મોતને ઘાટ : ખતરનાક અબુ દુજાના ઠાર થયા બાદથી સલામતી દળો દ્વારા સમગ્ર રાજ્યમાં ઓપરેશન

નવી દિલ્હી,તા.૩

જમ્મુ કાશ્મીરના શોપિયા જિલ્લામાં આજે સવારે સેનાના કાફલા પર ત્રાસવાદીઓએ હુમલો કર્યો હતો. આ હુમલામાં મેજર સહિત બે જવાન શહીદ થઇ ગયા હતા. હુમલામાં અન્ય એક જવાનને ઇજા થઇ હતી. જમ્મુ કાશ્મીર પોલીસે હુમલા અંગેના હેવાલને સમર્થન આપી દીધુ છે. હેવાલ મુજબ હુમલો કર્યાબાદ ફરાર થયેલા ત્રાસવાદીઓની વ્યાપક શોધખોળ ચાલી રહી છે. બીજી બાજુ આજે સવારે જ અન્ય એક અથડામણમાં સુરક્ષા દળોએ બે ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. ઠાર થયેલા ત્રાસવાદીઓની પાસેથી મોતનો મસાલો કબજે કરવામાં આવ્યો હતો. હાલના દિવસોમાં ત્રાસવાદીઓ દ્વારા સતત હુમલા કરવામાં આવી રહ્યા છે. બીજી બાજુ સેના સહિત સુરક્ષા દળોને પણ મોટી સફળતા હાથ લાગી રહી છે. ત્રાસવાદીઓને શોધી શોધીને મોતને ઘાટ ઉતારી દેવા માટેનુ ઓપરેશન ચાલી રહ્યુ છે. બુધવારે મોડી રાત્રે ત્રાસવાદીઓ છુપાયા હોવાની બાતમી મળ્યા બાદ ભારતીય સેના અને જમ્મુ કાશ્મીર પોલીસની ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધર્યુ હતુ. જેના ભાગરૂપે શોપિયાના સુગાન ગામમાં ઘેરી લઇને ઓપરેશન હાથ ધરાયુ હતુ. ઠાર થયેલા ત્રાસવાદીઓ

● અનુસંધાન પાન-૭ પર

ચીન સાથે યુદ્ધથી નહીં બલ્કે વાતચીતથી જ સમાધાન નિકળશે

ડોકલામના મુદ્દે સુષ્મા સ્વરાજનું સ્પષ્ટ નિવેદન : ભારતની વિદેશ નીતિ સૌથી સફળ પુરવાર થઇ : અમેરિકા અને રશિયા સહિતના દેશો સાથે સંબંધો મજબૂત થયા છે

નવીદિલ્હી,તા. ૩

સંસદમાં ગુરુવારના દિવસે વિદેશી નીતિ પર આક્રમક ચર્ચા કરવામાં આવી હતી. વિદેશ નીતિ ઉપર ઉગ્ર ચર્ચા થયા બાદ વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે વિપક્ષોના આક્ષેપોના જોરદાર જવાબ આપ્યા હતા. ડોકલામ વિવાદ પર વિપક્ષોના આક્ષેપોનો જવાબ આપતા સુષ્માએ કહ્યું હતું કે, કોઇ સમસ્યાનો ઉકેલ યુદ્ધ નથી. વાતચીતથી જ ડોકલામ વિવાદનો ઉકેલ આવશે. દ્વિપક્ષીય મંત્રણાથી જ આ વિવાદનો ઉકેલ આવશે. ભારત ધૈર્ય અને સંયમની સાથે કામ કરી રહ્યું છે. સુષ્મા સ્વરાજે વિપક્ષી નેતાઓના ચીની રાજદૂતને મળવાના મુદ્દે પણ પ્રહાર કર્યા હતા. ચર્ચાનો જવાબ આપતા કહ્યું હતું કે, વિપક્ષના નેતા ચીની રાજદૂતને કેમ મળ્યા હતા. વિપક્ષના નેતાને પહેલા ભારતના વલણન જાણવાની જરૂર હતી. અમે ડોકલામ વિવાદ પર તમામને માહિતી આપી ચુક્યા હતા. હવે યુદ્ધ લડવાનો યુગ બદલાઈ ગયો છે. યુદ્ધ બાદ પણ વાતચીત જરૂરી છે.

● અનુસંધાન પાન-૭ પર

નોટા પર સ્ટે મુકવા સુપ્રીમનો ઇન્કાર

૮મી ઓગસ્ટના દિવસે યોજાનારી રાજ્યસભાની ચૂંટણીમાં નોટાનો ઉપયોગ કરાશે

નવી દિલ્હી,તા. ૩

ગુજરાતમાં પ્રતિષ્ઠા સમાન બનેલી રાજ્યસભા ચૂંટણીથી પહેલા કોંગ્રેસને હવે સુપ્રીમ કોર્ટ તરફથી મોટો ફટકો પડી ગયો છે. ગુજરાતની ત્રણ સીટ પર આઠમી ઓગષ્ટના દિવસે યોજાનાર ચૂંટણીમાં નોટાના પ્રયોગ પર સ્ટે મુકવાની માંગ કરીને દાખલ કરવામાં આવેલી કોંગ્રેસની અરજીને સુપ્રીમ કોર્ટે આજે ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટના ચુકાદાનો મતલબ એ છે કે, રાજ્યસભા ચૂંટણીમાં નોટાનો ઉપયોગ કરવામાં આવશે. કોંગ્રેસે એવી દલીલ પણ કરી હતી કે, જો નોટાના વિકલ્પનો ઉપયોગ બંધ કરવામાં નહીં આવે તો ગુજરાત ચૂંટણીમાં ભ્રષ્ટાચાર થઇ શકે છે. કારણ કે સ્પર્ધા ખુબ જ નજીકની બનેલી છે. કોંગ્રેસ તરફથી ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે કહ્યું હતું કે, પ્રથમ વખત એવું થયું છે જ્યારે ગુજરાતમાં ત્રણ રાજ્યસભા સીટ ઉપર ચાર ઉમેદવાર છે. બીજી બાજુ સુપ્રીમે કહ્યું હતું કે, તે ધારાસભ્યોને નોટાનો વિકલ્પ આપવાના મુદ્દા ઉપર ૧૮મી સપ્ટેમ્બરના દિવસે વધુ સુનાવણી કરશે. આ અગાઉ સુપ્રીમ કોર્ટમાં કોંગ્રેસ પાર્ટી તરફથી એવી દલીલ આપવામાં આવી હતી કે જો નોટા પર પ્રતિબંધ મુકવામાં નહીં આવે તો ધારાસભ્યોના વોટ બીજી પાર્ટીના લોકો ખરીદી લેશે. સાથે સાથે તેના ઉમેદવારો હારી જશે.

● અનુસંધાન પાન-૭ પર

રાજ્યસભામાં અંતે સચિન તેંડુલકરની ઉપસ્થિતી રહી

નવી દિલ્હી,તા. ૩

પૂર્વ ભારતીય ક્રિકેટર સચિન તેંડુલકરે આજે રાજ્યસભામાં હાજરી આપી હતી. ગેરહાજરીને લઇને શ્રેણીબદ્ધ પ્રશ્નો કરવામાં આવ્યા બાદ સચિન તેંડુલકરે આજે હાજરી આપી હતી. સચિને હાજરી આપી હોવા છતાં કોઇપણ પ્રકારના પ્રશ્નો પુછ્યા ન હતા. રાજ્ય સભામાં બોક્સર મેરી કોમે પણ હાજરી આપી હતી. સમાજવાદી પાર્ટીના સાંસદ નરેશ અગ્રવાલે રાજ્યસભામાંથી નોમિનેટેડ સભ્યોની ગેરહાજરી અંગે પ્રશ્નો કર્યા બાદ સચિન તેંડુલકરે ગૃહમાં હાજરી આપી હતી. અગ્રવાલે મંગળવારના દિવસે રાજ્યસભામાંથી રાજીનામુ આપી દેવા સચિન તેંડુલકર અને રેખાને અનુરોધ કર્યો હતો. સંસદના ઉપલા ગૃહમાં બોલતા તેમણે કહ્યું હતું કે,સંસદમાં જો તેમને રસ નથી તો તેઓએ રાજીનામુ આપી દેવું જોઇએ. જો કે, આ મુદ્દે અગ્રવાલે પ્રથમ વખત પ્રશ્નો ઉઠાવ્યા નથી.

વિદેશ નીતિ મામલે કોંગ્રેસના આકરા પ્રહાર

મોદીના વિદેશ પ્રવાસો ઉપર રાજ્યસભામાં આનંદ શર્માના પ્રહાર : મોદીએ ૬૫ દેશોની યાત્રા કરી પરંતુ ફાયદા અંગે સરકાર તરફથી માહિતી અપાઈ નથી

નવીદિલ્હી, તા.૩

રાજ્યસભામાં વિદેશ નીતિ ઉપર થયેલી ચર્ચા દરમિયાન આજે કોંગ્રેસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિદેશી પ્રવાસો અને ભારતની વર્તમાન વિદેશ નીતિની જોરદાર ઝાટકણી કાઢી હતી. ડોકલામમાં ચીનની સાથે તંગદિલી, પાકિસ્તાન અને નેપાળની સાથે સંબંધોને લઇને કોંગ્રેસના નેતા આનંદ શર્માએ મોદી સરકાર ઉપર પ્રહારો કર્યા હતા. શર્માએ કહ્યું હતું કે, મોદીને સંસદમાં કહેવું જોઈએ કે, તેમના ૬૫ વિદેશી પ્રવાસોના પરિણામ શું રહ્યા છે. આનંદ શર્માએ કહ્યું હતું કે, વડાપ્રધાન વિદેશી નેતાઓને ગળે મળે છે. આ તમામ બાબતોનો ફાયદો એ વખતે થાય છે જ્યારે કઈ ચીજ હાસલ થઇ શકે. નેપાળ અને રશિયા સાથે ભારતના સંબંધોના બદલાતા સમીકરણને લઇને પણ આનંદ શર્માએ મોદી સરકાર ઉપર પ્રહારો કર્યા હતા. મોદીના વિદેશી પ્રવાસો પર એકલા જવાને લઇને ટિપ્પણી કરતા આનંદ શર્માએ કહ્યું હતું કે, પ્રોટોકોલ હેઠળ વિમાનના ઉતરાણ બાદ ભારતીય રાજદ્વારીઓ

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

સેલ... સેલ... સેલ... સેલ... સેલ... સેલ... સેલ... સેલ... સેલ... સેલ... સેલ... સેલ...

ગાંધીનગરમાં સૌથી સસ્તુ સેલ
૨૦ થી ૫૦ % ડિસ્કાઉન્ટ

લોંગ કુર્તી, લોંગ ટુ પીસ, ડીઝાઈનર કુર્તી, ઓફીસ વેર કુર્તી, વેસ્ટર્ન ટોપ લોંગ, શોર્ટ વેસ્ટર્ન, લોંગ ટીશર્ટ, બ્રાન્ડેડ ટીશર્ટ, પટીયાલા સલવાર અને બ્રાન્ડેડ લેગિંગ્સ, પ્રીન્ટેટ શર્ટ, જીન્ટ કોટી અને બ્લેઝર

બીગ ઓફર
(૧) વેસ્ટર્ન ટોપ અને કુર્તીમાં ૫૦૦ની ખરીદી ઉપર એક લેગીંગ્સ ફ્રી
(૨) ટી-શર્ટ ૧૫૦ની ૨ (૩) ૨૦૦ની ૩ લેગીંગ્સ
(૪) ૧૦ લેગીંગ્સ પર ૧ લેગીંગ્સ ફ્રી (બ્રાન્ડેડ) (૫) ટી-બ્રેક ૧૫૦ની ૨
(૬) વેસ્ટર્ન ટોપમાં ૨૦%થી ૪૦% સુધી ડિસ્કાઉન્ટ (બધી સાઈઝમાં)
(૭) એંકલ કેપ્રી ફક્ત રૂ. ૧૫૦માં
(૮) પટીયાલા સવલવાર ફક્ત રૂ. ૧૫૦માં (૯) હેરમ કેપ્રી ૧૨૦થી ૧૫૦માં
(૧૦) બ્રાન્ડેડ ટી-શર્ટ બધી સાઈઝની રૂ. ૨૦૦થી ૨૫૦માં

આ ઓફર જન્માષ્ટમી સુધી મર્યાદિત

સેલ... સેલ... સેલ... સેલ... સેલ... સેલ... સેલ... સેલ... સેલ... સેલ... સેલ... સેલ...

અવસર એન્ટરપ્રાઈઝ
શુભમ્ પ્લોટ, પ્લોટ નં. ૩૩૬, સે-૧૨, ગાંધીનગર. મો. ૯૪૨૭૭ ૭૬૧૪૩